**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૦.૬ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૦ ટકા ● સાંજે ૮૭ ટકા

# શહેરમાં વૃક્ષ છેદન બચાવવા લોકલડત આરંભાઈ

## ઘ-૪ સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ખાતે પર્યાવરણ પ્રેમીઓની ગ્રીન ગ્લોબલ બિગ્રેડના નેજા હેઠળ બેઠક મળી

ગાંધીનગર, તા.૧૭

સમગ્ર ગુજરાતનો રોકેટ ગતિએ વિકાસ થવા પામ્યો છે. ત્યારે વિકાસની હરણફાળમાં પર્યાવરણને પણ નુકશાન થવા પામ્યું છે. ત્યારે ચ-૦ થી વૈષ્ણોદેવી સર્કલ સુધીના માર્ગને પહોળો કરવાની કામગીરીમાં અવરોધરુપ બનતા તમામ વિસ્તારના હજ્જારો વૃક્ષોનું તંત્ર દ્વારા છેદન કરવાના કૃત્ય સામે શહેરની વિવિધ સંસ્થાઓ, સંગઠનો, પર્યાવરણ પ્રેમીઓ અને જાગૃત નાગરીકોએ વિરોધ પ્રદર્શીત કરી પર્યાવરણનો વિનાશ રોકવાની કટીબધ્ધતા સાથે ઉગ્ર લોક આંદોલન કર્યુ છે. જેમાં આજરોજ શહેરના ઘ-૪ સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ખાતે પર્યાવરણ પ્રેમીઓની ગ્રીન ગ્લોબલ બિગ્રેડના નેજા હેઠળ બેઠક મળી હતી. જેમાં મોટી સંખ્યામાં પર્યાવરણ પ્રેમીઓ હાજર રહ્યા હતા ત્યારબાદ ઘ-૪ ખાતે પ્લેકાર્ડ દર્શાવી તંત્ર સામે વિરોધ નોંધાવ્યો હતો અને રાજયના મુખ્યમંત્રીનો પર્યાવરણ બચાવવા માટે આવેદનપત્ર આપ્યું હતું.

ગાંધીનગર છેલ્લા કેટલાક વર્ષોથી વિકાસની હરણફાળ ભરી રહ્યું છે. પરંતુ વિકાસના નામે છાશવારે હજ્જારોની સંખ્યામાં લીલાછમ વૃક્ષોનું છેદન થતા એક સમયનું વિશ્વનું સૌથી હરીયાળુ ગણાતુ ગાંધીનગર હરીયાળી ગુમાવતું જાય છે. અમદાવાદ કરતા ગાંધીનગરનું










તાપમાન વધુ નોંધાવા લાગ્યું છે. ૫૦ થી ૧૦૦ વર્ષ જુના લીમડા, ખીજડો, ગુંદા, આંબા વગેરે જેવા પર્યાવરણ અને પ્રકૃતિનું રક્ષણ કરતા દુર્લભ વૃક્ષો કપાઈ જાય તો પર્યાવરણ અને પ્રકૃતિને ભયંકર નુકશાન થઈ શકે છે. જેને પગલે પર્યાવરણ પ્રેમીઓ અને જાગૃત નાગરીકો આઘાત સાથે રોષ વ્યકત કરી રહ્યા છે. ત્યારે આગામી સમયમાં ચ-૦ થી અડાલજ તરફના માર્ગને પહોળો કરવાની યોજના તૈયાર કરી આ વિસ્તારના હજ્જારો વક્ષોને દુર કરવા સરકાર દ્વારા નિર્ણય લેવાયો છે. ત્યારે પર્યાવરણના ભોગે વિકાસ નહી ના સુત્ર સાથે જાગૃત નાગરીકો, સંસ્થાઓ અને પર્યાવરણ પ્રેમીઓએ લાખો વૃક્ષોને બચાવવા માટે લોક આંદોલન છેડ્યું છે. આજે ઘ-૪ ખાતે મળેલી પર્યાવરણ પ્રેમીઓની બેઠકમાં ચર્ચા વિચારણા કરી મુખ્યમંત્રીને આવેદન પત્ર આપી વૃક્ષ બચાવવા રજુઆત કરાઈ છે. આ બેઠકમાં પર્યાવરણ મિત્રો, વિવિધ સંસ્થાઓ, સંગઠનો, ગ્રીન ગ્લોબલ બિગ્રેડના નિલેશ રાજગોર, શહેર વસાહત મહામંડળના અરૂણ બુચ, જૈનુલ પટેલ, પર્યાવરણ પ્રેમી નિતિન પટેલ, અંજના નિમાવત સહિત પર્યાવરણ પ્રેમીઓ હાજર રહ્યા હતા.

# શહેર આસપાસના બે ફલેટમાં ઘરફોડ ચોરીના બનાવો

## કોબાના મહાવીર દર્શન ફલેટમાં અને સરગાસણ રોડ પરના શ્યામ સ્ટેટ્સ ફલેટમાં બંધ મકાનના તાળા તુટ્યા

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરને અડીને આવેલા બે અલગ-અલગ વિસ્તારમાં બંધ ફલેટના તાળા તોડી તસ્કરો ઘરફોડ ચોરી કરી ગયા હોવાના બનાવો બનવા પામ્યા છે. કોબા પાસે આવેલા મહાવીર દર્શન ફલેટનું અને સરગાસણ રોડ ઉપર આવેલા શ્યામ સ્ટેટ્સ ફલેટનું તાળું તોડીને તસ્કરો અંદરથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ જે હાથ લાગ્યું તે ઉઠાવીને ચોરો રફુચક્કર થઈ ગયા હતા. આ બનાવ મામલે ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં અને અડાલજ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થવા પામ્યો છે.

મળતી માહિતી મુજબ કોબા ખાતે મહાવીર દર્શન ફલેટમાં ફલેટ નંબર બી/૧૦૧માં રહેતા અશ્વિનભાઈ ગણપતભાઈ રાઠોડ ૧૪ તારીખે પોતાના મકાનને તાળું મારીને પરિવાર સાથે સારંગપુર મંદિર દર્શન કરવા ગયા હતા. તેઓ પરત આવ્યા ત્યારે જોયું તો તેમના બંધ ફલેટની સ્લાઈડર બારીનુ લોક તૂટેલી હાલતમાં હતું અને અંદર સામાન વેર વિખેર પડયો હતો. બંધ મકાનના ફલેટની બારીના સ્લાઈડરનુ લોક તોડી ફલેટમાં ઘૂસીને અંદરથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ મળી રૂ.૧.૬૫ લાખની મત્તાની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. આ મામલે ઈન્ફોસિટી પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. તો બીજી તરફ સરગાસણ રોડ ઉપર પ્રમુખ ઓએસિસની સામે આવેલા શ્યામ સ્ટેટસ ફલેટમાં પણ ચોરી થઈ હોવાનું ધ્યાને આવ્યું છે. ફલેટ નંબર એફ ૩૦૪ ખાતે રહેતા પંકજભાઈ શશીકાંતભાઈ જોશી તેમના પરિવાર સાથે મકાનને તાળું મારીને ૧૩ જુલાઈથી ૧૬ જુલાઈ દરમિયાન બહારગામ ગયા હતા. ગઈકાલે તેઓ પરત આવ્યા ત્યારે જોયું તો બંધ મકાનનું તાળુ તૂટેલી હાલતમાં હતું અને સામાન અસ્ત-વ્યસ્ત પડ્યો હતો. તસ્કરો તેમના બંધ મકાનને ટાર્ગેટ કરીને તાળા તોડી અંદરથી સોના ચાંદીના દાગીના તથા રોકડ મળી કુલ રૂ ૩.૧૮ લાખની મતાનો સામાન ઉઠાવી રફુચક્કર થઈ ગયા હતા. આ મામલે પંકજભાઈ જોશીની ફરિયાદના આધારે અડાલજ પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

# શહેર જાગૃત નાગરિક પરિષદની મીટીંગમાં વિવિધ મુદ્દાઓની ચર્ચા

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના પ્રબુધ્ધ નાગરિકોની સંસ્થા જાગૃત નાગરિક પરિષદની ચિંતન બેઠક જયોતિન્દ્રભાઈ દવેના અધ્યક્ષસ્થાને તાજેતરમાં મળી હતી. જેમાં વિવિધ મુદ્દાઓને લઈ ચર્ચા કરવાં આવી હતી.

ગુજરાત સરકારે પ્લાસ્ટિકના ઉપયોગ પર પ્રતિબંધ લાદીને તેના નિયંત્રણ માટે જે કડક પગલાં લીધા છે તેને આવકારવામાં આવેલ અને 'પ્લાસ્ટિકસના કચરાના ઉપાયો' અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા ચિંતન બેઠકમાં કરવામાં આવી હતી. જે અંતર્ગત આ વિષયના તજજ્ઞ ડૉ. અશોક દવેનો સંશોધનાત્મક લેખ અધ્યક્ષસ્થાને રજુ કરવામાં આવ્યો હતો.

શહેરના પ્રબુધ્ધ નાગરિક વાગ્મિનભાઈ બૂચે આ બેઠકમાં ઉપસ્થિત રહી ગાંધીનગરના પ્રશ્નો અને તેના ઉપાયો વિષે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે નવા ગાંધીનગરમાં આયોજિત વિકાસ છતાં સરગાસણ, કુડાસણ અને અન્ય ચાર રસ્તા પર તેમજ સે-૧૧માં ટ્રાફિક જામ અને બેરોકટોક પાર્કિંગની સમસ્યા તરફ લક્ષ આપવાની જરૂર છે તેમજ ટ્રાફીક નિયમન અને દબાણ નિયંત્રણ માટે અલગ તંત્રની રચના આવશ્યક છે.

ગુડ ગામમાં વિદ્યાર્થી દ્વારા વિદ્યાર્થીની હત્યાનો બનાવ બન્યો ત્યારે આવા બનાવો સમાજમાં ન બને તે માટે સામાજિક જાગૃતિ સાથે વહીવટી પગલાં ભરવા જાગૃત નાગરિક પરિષદે અપીલ કરી હતી. આ માટે શાળા સંચાલનોને પણ મંથન કરવા વિનંતી કરી હતી. અને વાલીઓને પણ પોતાના બાળકની પ્રવૃત્તિઓ પર નજર રાખવા જણાવ્યું હતું.

આ બેઠકમાં વાગ્મિનભાઈ બુચ, ભાનુપ્રસાદ પુરાણી, જયંત જી. ભટ્ટ, એસ.ડી.આર. મલિક, સુમંતભાઈ શાહ, નિરંજનભાઈ ઓઝા, જીવણલાલ પરમાર, રમણલાલ શ્રીમાળી, જીતેન્દ્રભાઈ ત્રિવેદી, હસમુખભાઈ ઠાકર વગેરેએ ઉપસ્થિત રહી ચર્ચામાં ભાગ લીધો હતો.

## વાતવાતમાં

● ગાંધીનગરના મોટા ભાગના સેકટરમાં મુખ્યમાર્ગોની આસપાસ અમુક અંતરે રાહદારીઓને બેસવા માટે આરસીસીના બાંકડા મુકવામાં આવ્યા છે. જયાં વોકિંગ માટે નીકળેલા વરીષ્ઠ નાગરિકો રાહતનો દમ લેવા બેસતા હોય છે. જો કે વોર્ડ નં. ૮માં સમાવિષ્ટ સે-૩ ન્યુ ખાતે આ પ્રકારના બાંકડાની સુવિધા પ્રાપ્ય થઈ ના હોવાની ફરિયાદ ઉઠતા સ્થાનિક કોર્પોરેટર પાયલબેન મેણાત દ્વારા તાત્કાલિક વ્યવસ્થા કરવા પાટનગર યોજના ભવનના કાર્યપાલક ઈજનેરને પત્ર લખવામાં આવ્યો છે.

● ન્યુ ગાંધીનગરના કુડાસણ ખાતે વાછાણી હોસ્પિટલને બે વર્ષ પૂર્ણ થયાની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે હોસ્પિટલ ખાતે જનરલ પિડિયાટ્રીક તથા પિડીયાટ્રીક નેફ્રોલોજીની ઓપીડીનો પ્રારંભ કરાયો છે જેમાં ડૉ. શીતલ અગ્રવાલ વાછાણી દર્દીઓને તપાસશે.

● સચિવાલયમાં પટાવાળાની નોકરી કરતા કર્મચારીની દીકરીને અમદાવાદ યુએન હોસ્પિટલમાં દાખલ કરાઈ ત્યારે તેને ૩ યુનિટ રકતની જરૂર પડતા ગાંધીનગરના હર્ષ ચૌહાણ તથા દર્શન પટેલે રકતદાન કરી સેવા પુરી પાડી હતી.

## ચિરવિદાય

● સ્વ.અનીલકુમાર ભગવાનદાસ પટેલ, ઉ.વ. ૫૮

## સરકારી પોલિટેકનિક ખાતે વૃક્ષારોપણ



ગાંધીનગરના સેકટર-૨૬ ખાતેની સરકારી પોલિટેકનિક કોલેજમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં કોલેજના એનએસએસના વિદ્યાર્થીઓ દ્વારા એનએસએસ કો-ઓર્ડિનેટર હિરેન રૂપાલા, આચાર્યા રૂપલબેન મર્ચન્ટ અને વ્યાખ્યાતા શિલ્પાબેન પટેલના માર્ગદર્શન હેઠળ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.




ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના સેમેસ્ટર-૪ના પરિણામોમાં સેફ્રોની ડિપ્લોમા એન્જિનીયરીંગ કોલેજે નોંધપાત્ર પરિણામ હાંસલ કર્યુ છે. સેફ્રોની કોલેજે મિકેનીકલ તથા ઓટોમોબાઈલ એન્જિનીયરીંગનો ગાંધીનગર ઝોનમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે અને ડિપ્લોમા સિવિલ એન્જિનીયરીંગમાં ઉત્તર ગુજરાતની સ્વનિર્ભર કોલેજોમાં પણ પ્રથમ રેન્ક પ્રાપ્ત કર્યો છે. આ પરિણામ માટે સંસ્થાના ડિપ્લોમા કોલેજના પ્રિન્સિપાલ પ્રો.એમ.એ. પટેલ સહિત ટ્રસ્ટીઓ, પ્રાધ્યાપકોએ વિદ્યાર્થીઓને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

## સે-૨ ખાતે આંખની તપાસનો કેમ્પ યોજાયો



ગાંધીનગરના સેક્ટર-૨માં પ્રાથમિક શાળા ખાતે તાજેતરમાં કોર્પોરેટર પાયલબેન મેણાત દ્વારા ડૉ. તેજલ દલાલના સહયોગથી આંખની તપાસનો નિઃશુલ્ક કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ કેમ્પમાં ડૉ. દલાલના સ્ટાફ જયંત ઠાકોર, ગીતાકુમાર, દીશા પટેલ, દર્શના નાયડુ તથા અર્ચના ત્રિવેદીએ દર્દીઓને આંખની તપાસની સેવા પુરી પાડી હતી. જ્યારે બાકીની વ્યવસ્થા માટે શાળાના આચાર્યા માયાબેન પટેલ તથા સ્ટાફ અને સેક્ટરના અગ્રણીઓ પ્રમોદભાઈ દવે, વસંતભાઈ, ચંપકભાઈ, શૈલેષભાઈ, ગોરધનભાઈ, મેહુલભાઈ તથા સરૈયાભાઈએ જહેમત ઉઠાવી હતી.

# આજે પૂ. સુનીલ સાગરજી મહારાજના સ્વાગત માટે ભવ્ય તૈયારીઓ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના સકલ દિગંબર જૈન સમાજ દ્વારા આવતીકાલે ચાતુર્માસ માટે પધારનારા આચાર્ય પૂ. સુનીલસાગરજી મહારાજ તથા તેમના સંઘના સ્વાગત માટે પુરજોશમાં તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. સેકટર-૨૧માં દિગંબર જૈન દેરાસરની બાજુમાં વિશાળ પંડાલ ઉભો કરવામાં આવ્યો છે અને મહાવીર સોસાયટીના દરેક ઘર પર આચાર્યની તસવીર સાથેના બેનર્સ લગાડાયા છે. ચાતુર્માસ દરમિયાન તા. ૨૯મી જુલાઈએ મંગળ કળશ સ્થાપન કરાશે ત્યારે ખૂબ મોટી સંખ્યામાં જૈન ભાવિકો ઉપસ્થિત રહી ઉછામણી બોલશે.

જૈન સમાજમાં ચાતુર્માસનું અનોખું મહત્વ રહેલું છે અને ગાંધીનગરમાં માત્ર ૧૧૦ પરીવાર ધરાવતા સકલ દિગંબર જૈન સમાજ દ્વારા સૌ પ્રથમવાર એક સાથે ૪૦થી વધુ મુનિઓ-સાધ્વીજીઓ સહિતના સંઘનો સળંગ ચાર માસ માટે યજમાન બનાવાનો પડકાર ઉપાડવામાં આવ્યો છે. આ કાર્ય માટે સમાજ દ્વારા વિશેષ તૈયારીઓ કરવામાં આવી છે. જેમાં સેકટર-૨૧માં જૈન દિગંબર સમાજ ભવન પાસે ચાર વિશાળ પંડાલ ઉભા કરવામાં આવ્યા છે. મુખ્ય પંડાલ સભા મંડપનો છે જે ૯૦x૧૫૦ ફુટની સાઈઝ સાથે ૧૩,૫૦૦ સ્કવેર ફુટનો રહેશે. આ ઉપરાંત ૪૫૦૦ સ્કેવર ફુટનો પંડાલ આહાર માટે તેમજ અન્ય બે પંડાલમાં રસોડાની તથા અન્ય સુવિધાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

પુ. સુનીલ સાગરજી મહારાજ સાથે ૪૦ જેટલા જૈન મુનિઓ તથા સાધ્વીજીઓ પધારી રહ્યા છે જે તમામનું આવતીકાલે સવારે ૭ કલાકે ખ-૫ એલડીઆરપી સર્કલ ખાતે સ્વાગત કરાશે. આજે સાંજે આચાર્ય સહિત સંઘ ગાંધીનગર જીઆઈડીસી ખાતે આવી પહોંચશે અને એક સ્કૂલમાં રાત્રિ રોકાણ કર્યા બાદ કાલે સવારે તેમનું ખ-૫ સર્કલથી વિધિવત સ્વાગત યોજાશે. આચાર્ય તથા સંઘ ચાર માસ માટે રોકાશે. જેમાં દૈનિક કાર્યક્રમો સાથે કેટલાક મુખ્ય તહેવારો પણ ઉજવાશે. ચાર માસ દરમિયાન સંઘ જૈન સમાજ ભવન ખાતે રોકાણ કરશે અને તેમની સેવા માટે રસોઈયા-પીરસનારા સેવકોની ફોજ તથા અન્ય સેવા માટે વિતરાગ નવ યુવક મંડળના સ્વયંસેવકો ખડે પગે રહેશે. સંઘ માટે ખાસ સ્તરની ગાયના દૂધની વ્યવસ્થા કરાઈ છે. સમગ્ર ચાર માસ દરમિયાન આચાર્યને સાંભળવા ગાંધીનગર ઉપરાંત સમગ્ર રાજયમાંથી તેમજ રાજસ્થાન, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશથી પણ ભાવકો પધારશે.

### ● મહારાજના સ્વાગત માટે હાથી-ઘોડા

આવતીકાલે ખ-૫ એલડીઆરપી સર્કલે મહારાજ તથા સંઘના ભવ્ય સ્વાગત માટે એક હાથી, ૧૮ ઘોડા, ૩ બેન્ડવાજા સાથે મોટી સંખ્યામાં જૈન શ્રધ્ધાળુઓ ઉપસ્થિત રહેશે. અહીં મહારાજનું ૧૮ દ્રવ્યોથી પાદ પ્રક્ષાલન કરી વિધિવત સ્વાગત કરાશે તથા સભામંડપ સુધી પહોંચતા રસ્તામાં દરેક સર્કલ તથા મુખ્ય સ્થળે સ્વાગત યોજાશે.

●●●●●

### ● ચાર માસ તાજા દૂધ માટે ગીરની ગાયોનો તબેલો કરાયો



આચાર્ય પૂ. સુનીલસાગરજી મહારાજ તથા સંઘનો ચાતુર્માસ દરમિયાન ગાયના દૂધની વ્યવસ્થા માટે ગોરોલ ગામના શ્રધ્ધાળુ અરવિંદભાઈ ગાંધી દ્વારા પેથાપુર પાસે ૧૦ ગીરની ગાયો લાવી તાત્કાલિક તબેલો ઉભો કરવામાં આવ્યો છે. આ ગાયોનું દૂધ માત્ર આચાર્ય તથા તેમના મુનિઓ-સાધ્વીજીઓના આહાર માટે જ વાપરવામાં આવશે.

●●●●●

### ● ચાતુર્માસ દરમિયાન વિવિધ કાર્યક્રમો

ચાતુર્માસ દરમિયાન ગુરુપૂર્ણિમા, સ્વાતંત્ર્ય દિન, મહાત્મા ગાંધી જયંતિએ અહિંસા દિન, પર્યુષણ પર્વ, નવરાત્રિ, દિવાળી જેવા તહેવારો ઉજવાશે. ૧૫મી ઓગસ્ટે દેશભકિત આધારિત કાર્યક્રમો તથા ૨જી ઓકટોબરે સમગ્ર દેશમાં અહિંસાની ભેખ જગાવતો કાર્યક્રમ યોજાશે. રોજીંદા કાર્યક્રમમાં સવારે ૭ વાગે સાયમિક, પછી અભિષેક પૂજા પ્રવચન, ૧૨ વાગે પ્રતિક્રમણ, ૪ વાગે પ્રવચન, ૬.૩૦ વાગે આરતી અને રાત્રે ૮ વાગે સ્વાધ્યાય યોજાશે.

## આચાર્ય સાથે ૪૦ મુનિઓ-સાધ્વીજીઓનો વિશાળ સંઘ ચાર માસ રોકાણ કરશે : ૧૩,૫૦૦ સ્કેવર ફુટના મુખ્ય સભામંડપ સાથે જ પંડાલ ઉભા કરાયાઃ તા. ૨૯મી જુલાઈએ મંગળ કળશ સ્થાપનમાં મોટી સંખ્યામાં દિગંબર જૈન ભાવિકો ઉમટશે



